હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સરકારે આપણને બેટી પઢાવો એવો નારો આપ્યો છે... આ બરાબર વાંચો... તમે બેટી પટાવો એવું સમજી ગયા લાગો છો...?

ગ્રામ્ય વિસ્તારમાં નર્મદાનું પાણી પુરા દબાણથી નહિ મળતુ હોવાની ફરિયાદ

દહેગામ તાલુકાના સરપંચોની બેઠકમાં સરપંચોએ કરેલી ઉગ્ર રજુઆત : ચકાસણી અને યોગ્ય પગલાં લેવાની ખાત્રી તંત્રના અધિકારીઓએ આપી

ગાંધીનગર, તા. ૨૪

ગ્રામ્ય વિસ્તારોમાં નર્મદાનું પાણી પુરતા દબાણ સાથે નહિ મળતુ હોવાની તેમજ ધીમુ અને અનિયમિત હોવાની ફરિયાદો ગઈકાલે દહેગામ ખાતે યોજાયેલ સરપંચોની બેઠકમાં રજુ થઈ હતી.

વાસ્મો દ્વારા યોજાયેલ આ બેઠકમાં ગ્રામજનો વતી સરપંચો દ્વારા કરાયેલી રજુઆતમાં એવો મુદ્દો ઉપસ્થિત થયો હતો કે જિલ્લામાં આ માટેનું નેટવર્ક ઉભુ કર્યાને સારો એવો સમય વ્યતિત થઈ ગયો છે અને નેટવર્ક બિન ઉપયોગી પડ્યુ રહ્યુ હતુ હવે પંચાયતો આ પાણી લેવા તૈયાર થઈ છે ત્યારે પુરા ફોર્સથી પાણી નહિ મળતુ હોવાની સમસ્યાથી ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં આ બેઠક યોજવામાં આવી હતી. વાસ્મોના અધિકારીઓએ સરપંચોની રજુઆતોને ગંભીરતાથી લઈ યોગ્ય ચકાસણી અને જરૂરી પગલાં લેવાની તૈયારી બતાવી હતી.

જિલ્લામાં ૧૦૦થી વધુ ગામો હજુ પણ નર્મદાનું પાણી લેતા નથી અને સ્થાનિક સ્ત્રોત પર જ નિર્ભર છે. ત્યારે તંત્રએ લોકોમાં આ અંગે જાગૃતિ આવે તે માટે ખાસ બેઠકો સરપંચો સાથે યોજવાનું આયોજન કર્યું હતું.

તંત્રએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાણી સમિતિઓ સક્રિય બને તેના પર ભાર મુક્યો છે. સરપંચોની આ બેઠકમાં ગ્રામીણ વિસ્તારના અન્ય પ્રશ્નો પર પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મનરેગા આવાસ યોજના, શૌચાલય અને સ્વચ્છતા અભિયાન સહિતના મુદ્દાઓ પર આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી.

આ બેઠકમાં ૪૫ થી વધુ સરપંચ અને ૪૮ જેટલા તલાટી કમ મંત્રીઓ હાજર રહ્યા હતા.

મોંઘવારી અને શિક્ષણના વ્યાપારીકરણ મુદ્દે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શહેર અને જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધરણાં સહિતના કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણે ખાંચરેથી...

● આજે દહેગામ ખાતે ચોમાસાની ઋતુને લઈ ખાનગી પ્રેકટીસ કરતા તેમજ સરકારી તબીબોની આરોગ્ય તંત્ર દ્વારા બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય અને જિલ્લાના અધિકારીઓએ વિવિધ રોગોને લઈ પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૪૬ જેટલા શિક્ષકોની માધ્યમિક શાળાઓમાં જગ્યાઓ ખાલી પડેલી છે.

● ગાંધીનગર જિલ્લા પંજચાયતની પાનસર બેઠકની બેટા-ચૂંટણીનો જંગ રસપ્રદ બનશે. નારદીપુર ગામમાંથી જ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારની પસંદગી થવા પામી છે.

● સ્માર્ટ સીટી મિશનને એક વર્ષ પૂર્ણ થઈ રહ્યુ હોવાથી તેની પૂના ખાતે થનારી ઉજવણીમાં પ્રધાનમંત્રી મોદી હાજર રેહવાના હોઈ ઉજવણીનું જીવંત પ્રસારણ આજે કોર્પોરેશનના સભાખંડમાં પ્રસારિત થશે જેમાં કાઉન્સીલરો અને અધિકારીઓ જોડાશે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં ચોમાસાની ખેડૂતો રાહ જોઈ રહ્યા છે. પ્રારંભિક વાવણી લાયક વરસાદની રાહ ખેડૂતો જોઈ રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં ઘણા બધા વિસ્તારોમાં પુરા ફોર્સથી પેયજળ નહિ મળતુ હોવાની ફરિયાદો ઉભી થવા પામી છે.

એક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૪

રથયાત્રા તહેવારને ધ્યાને રાખીને સિવિલ પોલીસ સ્ટેશનોના ગુનાઓમાં સંડોવાયેલા વોન્ટેડ આરોપીઓ પકડવા અંગે ડ્રાઈવ રાખવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પી.બી. ચૌહાણની ટીમના પીએસઆઈ એમ.પી.ચૌહાણ તથા અન્ય માણસોએ લીસ્ટનો અભ્યાસ કરી લાંઘણજ પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૪૫૭, ૩૮૦ અને ૧૧૪ મુજબના ગુનામાં છેલ્લા એક વર્ષથી વોન્ટેડ આરોપી જેઠુલાલ ગીસાજી ગુર્જર (રહે. સે-૧૫ ફતેપુરા)ને સે-૧૧ પેટ્રોલપંપ પાસેથી શોધી કાઢી તેની ધરપકડ કરી લાંઘણજ પોલીસને સોંપવામાં આવ્યો છે.

સેકટર-૩માં વિજળી ગુલ થતા નાગરીકો હેરાન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં વિજળી ડુલ થવાના કિસ્સા વધી જવા પામ્યા છે. છાશવારે સેકટરોમાં વિજપુરવઠો ખોરવાતા નાગરીકોને હેરાની વેઠવી પડે છે. શહેરીજનો ગરમી તેમજ અસહ્ય બફારો સહન કરી શકતા નથી. ત્યારે ઘરમાં ચોવીસ કલાક એસી, કુલર અને પંખા સહિતના ઉપકરણો શરુ રાખવામાં આવે છે. ગરમીમાં વયોવૃધ્ધ નાગરીકો તેમજ દર્દીઓને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. તાજેતરમાં પણ સેકટરમાં વિજ પુરવઠો ખોરવાયો હતો. ત્યારે આજે ફરીવાર બપોરે ૧૨ વાગ્યાની આસપાસ વિજળી ગુલ થતા સેકટરવાસીઓ ઘરની બહાર દોડી આવ્યા હતા. જયારે લાઈટ કયારે આવશે તેની ચર્ચા કરતા નજરે પડ્યા હતા. ઉનાળામાં વિજપુરવઠાનો વધુ ઉપયોગ થાય છે સામાન્ય દિવસો કરતા અનેકગણો ઉપયોગ વધી જતા વારંવાર લાઈટ ડુલ થવાના કિસ્સા બનવા પામે છે. સેકટર-૩ માં પણ ૧૦ મિનિટથી વધુ સમય લાઈટ બંધ રહ્યા બાદ તુરંતુ લાઈટ આવી જતા નાગરીકોને રાહત થઈ હતી. જયારે સામાન્ય ફોલ્ટ સર્જાતા તાત્કાલીક ટોરેન્ટના કર્મચારીઓ દોડી પહોંચીને રીપેરીંગ કામ હાથ ધરીને વિજપુરવઠો કાર્યરત કરી દીધો હતો. પરંતુ ઓવરલોડને કારણે આ સમસ્યા સર્જાતી હોવાનુ પણ ધ્યાને આવ્યું છે. થોડીવાર માટે સેકટરોમાં માટે લાઈટડુલ થવાના કિસ્સાને પરિણામે નાગરીકોને હેરાની વેઠવી પડે છે.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે સે-૧૬ સ્થિત સિધ્ધાર્થ કોલેજમાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્ય ડૉ.ડી.એ.મેવાડાના માર્ગદર્શન હેઠળ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.

બહુજન સમાજ પાર્ટી દ્વારા મોંઘવારી અંગે કલેકટરને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨૪

બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા સમિતિ દ્વારા આજે મોંઘવારી સહિત અન્ય મુદ્દાઓ અંગે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. બીએસપીના કાર્યકરોએ નગરના ઘ-૨ થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી સ્વરુપે આવ્યા હતા.જેમાં મોટીસંખ્યામાં કાર્યકરો હાજર રહીને સુત્રોચ્ચાર કર્યા હતા.

બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા સમિતિ દ્વારા આજે સવારે મોંઘવારી મુદે રેલી યોજી હતી. રેલીમાં કાર્યકરોએ ઘ-૨ થી સત્યાગ્રહ છાવણી સુધી પ્લેકાર્ડ દર્શાવી તંત્ર સામે સુત્રોચ્ચાર કર્યા હતા.સત્યાગ્રહ ખાતે સભામાં એસસી, એસટી, ઓબીસી નો બેકલોગ નોકરીમાં તાત્કાલીક ભરો, શિક્ષણનું ખાનગીકરણ તાત્કાલિક બંધ કરો, મોઘવારી નાબુદ કરો, ફિકસ પગાર બંધ કરો, કોન્ટ્રાકટ પધ્ધતિ નાબુદ કરો, ગરીબોના મકાન તોડવાનું બંધ કરો, સરકારી હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને મફત સારવાર આપો, સરકારી શાળાઓ શરુ કરો અને અનુસુચિત જાતિ પર થતા અત્યાચાર બંધ કરો સહિતના મુદ્દાઓને બહુજન સમાજ પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું અને કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું અને આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી હતી. આ કાર્યક્રમમાં બસપાના ગુજરાતના પ્રભારી ભગુભાઈ પરમાર તેમજ જિલ્લા પ્રમુખ ચિરાગ પરીખ સહિત કાર્યકરો હાજર રહ્યા હતા.

સે-૨૮ જીઆઈડીસી એસોસિએશન અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરા લીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈ દ્વારા મીનીમમ વેઈજીસ એકટ ૧૯૪૮ અંગે સર્વે ઉપસ્થિત ઉદ્યોગકારોને સમજ આપવામાં આવી હતી. જયરામભાઈ સોનીએ મોટીવેશનલ વકતવ્ય આપ્યું હતું. સીતારામભાઈ પટેલે ધર્મ અને બિઝનેશ કાયદાનો સમન્વય વિશે વકતવ્ય આપ્યું હતું. આ શિબિરમાં એસોસિએશનના પ્રમુખ બળદેવભાઈ ચૌધરી, ઉપપ્રમુખ રમેશભાઈ પટેલ, નટુભાઈ પટેલ, મણીભાઈ સોલંકી, અશ્વિન મહેતા, રામભાઈ પરમાર તથા બાળ સુરક્ષા એકમના અધિકારી વિપુલભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો પણ હાજર રહ્યા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ)

ચંદ્રાલા સ્થિત હોસ્ટેલમાંથી ધો-૧૨ની વિદ્યાર્થીનીનું અપહરણ

ગાંધીનગર નજીક ચંદ્રાલા ગામમાં આવેલી એક હોસ્ટેલમાંથી ધો-૧૨માં અભ્યાસ કરતી ૧૬ વર્ષની વિદ્યાર્થીનીનું બે યુવકો એક હોસ્ટેલની વિદ્યાર્થીનીની મદદ લઈ વર્ના જેવી સફેદ ગાડીમાં અપહરણ કરી ગયા હોવાની ફરિયાદ ચિલોડા પોલીસ મથકે નોંધાવા પામી છે. અપહ્યુત વિદ્યાર્થીનીના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી તેણીની તથા આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

મુસ્લિમ વેલ્ફેર એસોસિએશન તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન દ્વારા મુસ્લિમ સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીગરના તેમજ ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના મુસ્લિમ સમાજના ધો-૧૦ની પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ, ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૦ટકા કે તેથી વધુ ગુણ અને સામાન્ય પ્રવાહમાં ૬૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, ઉચ્ચ અભ્યાસક્રમમાં તમામ ફેકલ્ટીના ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ થયેલા વિદ્યાર્થીઓને એસોસિએશન દ્વારા નવાજવામાં આવશે. વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ જરૂરી વિગતો ૧૫મી જુલાઈ સુધીમાં સંસ્થાના ઓન. જનરલ સેક્રેટરી એમ.એ. સાબુવાલાના નિવાસસ્થાન પ્લોટ નં. ૭૬૧/૧, સે-૭-બી ખાતે મોકલવાની રહેશે.

આજે એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા નાટક 'હમ દો હમારે વો'નું આયોજન

ગાંધીનગરના એનીટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા તા. ૨૫મી જૂન શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે કાઈમ પેટ્રોલ ફેઈમ અનુન સોની તથા બાલિકાબધુ ફેઈમ સ્મિતા બંસલ અભિનિત કોમેડી નાટક 'હમ દો હમારે વો'નું આયોજન અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે ભજવાશે. બહુચર્ચિત નાટક 'હમ દો હમારે વો' ને અનિલ શાહ તથા અજિત ગોર દ્વારા પ્રોડ્યુસ કરાયું છે. નાટક સંજય ડી. જહા દ્વારા લિખિત અને પ્રસાદ એમ. ખાંડેકર દ્વારા દિગ્દર્શિત છે. આ નાટકમાં જાણીતા ટીવી સ્ટાર્સ કાઈમ પેટ્રોલ ફેઈમ અનુપ સોની તથા બાલિકા વધુ સિરિયલમાં સાસુની ભૂમિકા ભજવતી ગ્લેમરસ સ્મિતા બંસલ મુખ્ય પાત્રોમાં અભિનયના અજવાળા પાથરી રહ્યા છે. ભરપૂર કોમેડી નાટક 'હમ દો હમારે વો'માં પ્રસાદ ખાંડેકર, જય ચૌબે, દુર્ગેશ દ્વિવેદી તથા સચિન પરીખ પણ અભિનય આપી રહ્યા છે અને સંગીત સુશીલ કુંબલેએ આપ્યું છે તથા ગીતો સંજય જહાએ લખ્યાં છે.

સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વિશ્વયોગ દિવસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વયોગ દિવસનું આયોજન સાદરાના મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના ખેલસંકુલમાં કરવામાં આવ્યું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના રાષ્ટ્રીય સેવા યોજનાના યુથ ઓફિસર કમલકુમાર કર હાજર રહ્યા હતા. અન્ય મહેમાન તરીકે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ. અરૂણભાઈ ગાંધી, મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના ડીન પ્રો. જમનાદાસ સાવલિયા, તેજસભાઈ ઠાકર, રમેશભાઈ મફતભાઈ પટેલ, રીતાબહેન હાજર રહ્યા હતા. યોગ કાર્યક્રમમાં સાદરા પરીસરના ત્રણે મહાવિદ્યાલયના વિદ્યાર્થી ભાઈ બહેનો હાજર રહ્યા હતા સાથે સાથે પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર સાદરાના તલાટીઓ પણ યોગના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. યોગ નિદર્શન તરીકે રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવકો અશોક ગોયલ, જનક ભરાડીયા અને ચંદુ મેર રહ્યા હતા. યોગ કાર્યક્રમમાં યોગ કરાવવાની જવાબદારી પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે નિભાવી હતી. સંપૂર્ણ કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં મુખ્ય જવાબદારી ડૉ. નીરજ સિલાવટે નિભાવી હતી. સંપૂર્ણ કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં મુખ્ય જવાબદારી ડૉ. નીરજ સિલાવટ, ડૉ. ઉદાજી પરમાર, ડૉ. કનુભાઈ વસાવા, ડૉ. અરવિંદભાઈ રામી અને પ્રવિણભાઈ દુલેરાએ નિભાવી હતી.

કેએસવી અને સંવેદના ફાઉન્ડેશનના ઉપક્રમે યુ.એસ.એ.ની આયોવા યુનિવર્સિટી દ્વારા બે દિવસીય વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર અને સંવેદના ફાઉન્ડેશનના ઉપક્રમે બે દિવસીય 'જીઓ સ્પેશિયલ ઈન્ફાસ્ટકચર એન્ડ ઈટ્સ એપ્લિકેશન્સ' વર્કશોપ યોજાઈ ગયો. આયોજિત વર્કશોપમાં યુ.એસ.એ.ની આયોવા યુનિવર્સિટીના પ્રો. ડો. રાજ રાજગોપાલ, ડો. માર્ક લીન્ડરમેન, ડો. જ્યોર્જ પેટરસન, ડો. એરીક ટેટ, ડો. જોશુઆ બુસાર્ટ, ડો. જેરેમી તથા સંવેદના ફાઉન્ડેશનના પ્રમુખશ્રી ભાઈલાલભાઈ પટેલે હાજર રહી આયોવા યુનિવર્સિટી દ્વારા જીઓ સ્પેશિયલ ઈન્ફાસ્ટકચર પર કરેલા રીસર્ચ વિશે વિસ્તારથી માહિતી આપી હતી. જ્યારે ગુજરાતની વિવિધ યુનિવર્સિટીમાંથી ઉપસ્થિત રહેલા પ્રાધ્યાપકોએ તેઓ દ્વારા કરવામાં આવેલા રીસર્ચ અને ગુજરાતની યુનિવર્સિટીઓ દ્વારા થતાં રીસર્ચ પર વિસ્તારથી ચર્ચા કરી હતી.

વધુમાં આયોજીત વર્કશોપના અંતે ગુજરાતની યુનિવર્સિટી અને યુ. એસ. એ.ની આયોવા યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે નવા રીસર્ચ થશે. જેનો લાભ ગુજરાતની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. એસ. કે. મંત્રાલાએ કાર્યક્રમના સમાપન પ્રસંગે જણાવ્યું હતું.

આયોજિત વર્કશોપને સફળ બનાવવા માટે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. એસ. કે. મંત્રાલા, પરીક્ષા નિયામકશ્રી ડો. પી. કે. શાહ, ડો. કેયુર શાહ, એલ. ડી. આર. પી. ના પ્રાધ્યાપક ડો. કેદાર ભોજક સહિત એન્જીનીયરીંગ પ્રાધ્યાપકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

જન સત્ય પથ પાર્ટીનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજય અને સમગ્ર ભારત દેશમાં અનેક રાજકીય પાર્ટીઓએ કેન્દ્ર અને રાજય લેવલે સત્તા ભોગવી સરકાર ચલાવી છે. ત્યારે આજ સુધી દેશનો કહેવાતો વિકાસ થયો છે પરંતુ આમ જનતાને જરુરીયાત મુજબ વિકાસ થયો નથી. ત્યારે ગુજરાતમાં આગવી વિચાર ધારા સાથે જન સત્ય પથ પાર્ટીનો ઉદ્ઘાટન સમારોહ તા. ૨૫ જુનને શનિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

આ પ્રસંગે રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ બ્રહ્મભટ્ટ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ચરાગભાઈ શાહ, સ્ટેટ સેક્રેટરી ગોપાળજી ઠાકોર, રાષ્ટ્રીય મહામંત્રી મહેશભાઈ ઓઝા, રાષ્ટ્રીય કોષાધ્યક્ષ નારાયણભાઈ પંચાલ, રાષ્ટ્રીય કન્વીનર દેવાંગભાઈ શાહ સહિત કાર્યકરો તેમજ ઉદ્ઘાટન પ્રસંગે નગરના નાગરીકોને હાજર રહેવા અનુરોધ કર્યો છે.

યુનિયન નેતાઓ દ્વારા ડેપ્યુટી કમિશનરોનો ઘેરાવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ગુરુવારના રોજ મળતી સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ગઈકાલે રાબેતા મુજબ મળી હતી પરંતુ જેવી આ બેઠક પુરી થઈ કે તેની સાથે યુનિયનના નેતાઓ સ્ટેન્ડીંગ કમિટીની બેઠક જ્યાં મળે છે ત્યાં પહોંચી ગયા હતા અને ત્રણ ડેપ્યુટી કમિશનરોને ઘણા સમય સુધી ઘેરાવ કરી રોકી રાખ્યા હોવાની બીના બહાર આવવા પામી છે.

ત્રિમૂર્તિ દત્ત મંદિરનો ૩૧મો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૪

સેકટર-૨૮ ખાતે સ્થિત ત્રિમૂર્તિ દત્ત મંદિરનો ૩૧મો પાટોત્સવ ૨૫ થી ૨૭મી જૂન દરમિયાન યોજવામાં આવશે. જે અન્વયે શનિવારના રોજ ગાંધીનગર દત્ત મંદિરથી વાયા કપડવંજ, ડાકોર અને ગોધરા મુકામે મા રુકમામ્બા સમશતિ પારાયણના આયોજન અર્થે ગાંધીનગરથી સવારે ૫.૩૦ કલાકે દત્ત મંદિરેથી બસ ઉપડશે. ડાકોર ખાતે હરિઓમભાઈ વ્યાસ તરફથી રાજભોગ રાખવામાં આવ્યો છે.

૨૬મી જૂનના રોજ સવારે ૮.૦૦ કલાકે દત્ત મંદિર ખાતે ગુરૂલીલામૃત ચક્રીય પારાયણ યોજાશે તેમજ હાથીજણ તા. દહેગામ ખાતેથી ૩૧મી પદયાત્રા બપોરના ૧.૦૦ કલાકે હાથીજણ મુકામેથી નિકળી ગાંધીનગર ખાતે સવારે ૮ કલાકે પહોંચશે. જેમાં પદયાત્રીઓને જોડાવા પણ જણાવાયું છે. હાથીજણ મુકામે સવારે ૧.૩૦ કલાકે રુકમામ્બા સમશતી પાઠનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

૨૭મી જૂનના રોજ દત્તભાવની સ્વહાકાર સવારે ૮.૦૦ કલાકે દત્ત મંદિર ખાતે યોજાશે.